અપીલ અરજી નં. ૬૭૮ તા.૦૯–૩–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (આરડીડી)
ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીપી)
ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૦૭–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) ઈજારદાર સદ્‌ભાવના એન્જીનીયરીંગ પાસે એસ.એમ.સી.ની સ્થાયી સમિતિએ પેકેજ ચાર મુજબ સી.સી.રોડની રૂ.૫૪.૩૮ કરોડની વરાછારોડ,બમરોલી મેઈન રોડ, અલથાણ મેઈન રોડ અને રાંદેર રામનગરનું ટેન્ડર મંજુર કરી કાર્યવાહી સોંપેલ બે રૂટમાં બ્રીજના કારણે કામગીરી સી.સી.રોડની ઓછી કરવામાં આવેલ જેથી સ્કોપ ઓફ વર્કમાં ઘટાડો થતા ઈજારદારના હીતમાં રાતોરાત વગર ટેન્ડરે ઈજારદારને નુકશાન ન થાય તે માટે દક્ષેશ્વર મંદિર રોડની ૧.૭ કિ.મી. રોડ સી.સી.રોડના નવા રૂટની કામગીરીની દરખાસ્ત સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી મુકેશ દલાલે અગાઉનાં ટેન્ડરમાં રૂ.૧.૭૧ કરોડ વધારી એક વખત સ્થાયી સમિતિમાં સદર ટેન્ડરને મુલતવી રાખી બીજી વખત ટેન્ડર મંજુર કરવા પાછળની સ્પષ્ટ માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧)થી (૧૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૭૮/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૦૭–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧ ) ઈજારદાર સદ્‌ભાવના એન્જીનીયરીંગ પાસે એસ.એમ.સી.ની સ્થાયી સમિતિએ પેકેજ ચાર મુજબ સી.સી.રોડની રૂ.૫૪.૩૮ કરોડની વરાછારોડ,બમરોલી મેઈન રોડ, અલથાણ મેઈન રોડ અને રાંદેર રામનગરનું ટેન્ડર મંજુર કરી કાર્યવાહી સોંપેલ બે રૂટમાં બ્રીજના કારણે કામગીરી સી.સી.રોડની ઓછી કરવામાં આવેલ જેથી સ્કોપ ઓફ વર્કમાં ઘટાડો થતા ઈજારદારના હીતમાં રાતોરાત વગર ટેન્ડરે ઈજારદારને નુકશાન ન થાય તે માટે દક્ષેશ્વર મંદિર રોડની ૧.૭ કિ.મી. રોડ સી.સી.રોડના નવા રૂટની કામગીરીની દરખાસ્ત સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી મુકેશ દલાલે અગાઉનાં ટેન્ડરમાં રૂ.૧.૭૧ કરોડ વધારી એક વખત સ્થાયી સમિતિમાં સદર ટેન્ડરને મુલતવી રાખી બીજી વખત ટેન્ડર મંજુર કરવા પાછળની સ્પષ્ટ માહિતીની નકલ વિ. મુદ્દા નં. (૧)થી (૧૨)ની માહિતી આપવા બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(આર.ડી.ડી.)ના પત્ર નં. આર.ડી.ડી/આઉટ નં./૮૦૧ તા. ૨૪–૨–૧૨થી મુદ્દા નં. ૧થી ૩ની માહિતી અસ્પષ્ટ, સંધિગ્ધ, પુરાવા વગરની પાઠવેલ અને મુદ્દા નં.૪થી ૧૨ની માહિતી પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૯–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૨૬ તા.૧૭–૩–૧૨ થી** સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (આરડીડી), ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીપી) , ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ) તથા અરજદારને આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે)ની જોગવાઈ મુજબ દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની રહેતી હોઈ, તેમણે દફતરી તપાસણીનો પ્રયત્ન, માંગણી કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી પત્ર નં.હાઉસીંગખાતુ/આ.નં.૯૪૪ તા. ૨૭–૩–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીનીનકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૨૯૦ તા.૮–૨–૧૨ થી જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તથા આરડીડી

વિભાગને સમય અવધિમાં તબદીલ કરેલપત્રની નકલ, જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૬૧૫ તા. ૨૮–૨–૧૨ થી જાહેર માહિતી અધિકારી હાઉસીંગને સમય અવધિ બાદ તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.હાઉસીંગ/આ.નં.૯૩૯ તા.૨૩–૩–૧૨ ના પત્રની નકલ, નોંધ વિભાગ, સુમપાના ઠરાવ નં.૧૦૩૯/૨૦૧૦ ના પત્રની નકલ, સુમપાના ઠરાવ નં.૧૬૮૪/૨૦૧૦ તા.૨૭–૮–૧૦ ના ઠરાવની નકલ, સુમપાના ઠરાવ નં.૫૯૩/૨૦૧૧ તા.૬–૫–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલછે. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૬૮૧ તા.૨૮–૩–૧૨ થી પૂરક વિગતોમાં હાઉસીંગને તબદીલ કરેલપત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેક્રેટરી તરફથી પત્ર નં.આરટીઆઈ/અપીલ/સેક્રેટરી/જા. નં.૨૫/૨૦૧૨ તા. ૨૭–૩–૧૨ ના હુકમની નકલ, પત્ર નં.આરટીઆઈ/ અપીલ/ સેક્રેટરી/જા. નં.૨૬/૨૦૧૨ તા.૨૭ –૩–૧૨ થી જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, અત્રે મળેલછે. જયારે અરજદાર તરફથી તા. ૨૨–૩–૧૨ ના પૂરક પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૦૭–૨–૧૨ ની અરજીથી સદભાવનાએન્જી. નાસી.સી. રોડ બાબતેના સોંપવામાં આવેલ કામગીરીની માહિતી અંગે તથા મગોબના મનોરંજનપાર્ક , અડાજણમાં ખોજા સમાજને ફાળવેલ જમીન બાબતે મુદ્દા ન.૧ થી ૧૨ ની માહિતી માંગતી અરજી કમિ. એ.ઓ.એસ અધિકારી અને આસી. સેક્રેટરીને સંબોધતી અરજી જાહેર માહિતી અધિકારી સેક્રેટરી ઓફિસ અને મધ્યસ્થ કચેરીને સંબોધતી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૨૯૦ તા.૮–૨–૧૨ થી નિયત સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તથા આરડીડી વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/૬૧૫ તા.૨૮–૨–૧૨ થી કાર્યપાલક ઈજનેરહાઉસીંગ વિભાગને સમયઅવધિ બાદ તબદીલ કરવામાંઆવેલ. જેના અનુસંધાને સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.આરડીડી/આ.નં.૮૦૧ તા. ૨૪–૨–૧૨ થી સમય અવધિમાં મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી પૂરી પાડવામાં આવેલ. જયારેજાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી પત્ર નં.હાઉસીંગ/આ.નં. ૯૩૯ તા.૨૩–૩–૧૨ થી સમય અવધિ બાદ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

મુદ્દા નં. (૧) ઈજારદાર સદ્ભાવના એન્જીનીયરીંગ પાસે એસ.એમ.સી.ની સ્થાયી સમિતિએ પેકેજ ચાર મુજબ સી.સી.રોડની રૂ.૫૪.૩૮ કરોડની વરાછારોડ,બમરોલી મેઈન રોડ, અલથાણ મેઈન રોડ અને રાંદેર રામનગરનું ટેન્ડર મંજુર કરી કાર્યવાહી સોંપેલ બે રૂટમાં બ્રીજના કારણે કામગીરી સી.સી.રોડની ઓછી કરવામાં આવેલ જેથી સ્કોપ ઓફ વર્કમાં ઘટાડો થતા ઈજારદારના હીતમાં રાતોરાત વગર ટેન્ડરે ઈજારદારને નુકશાન ન થાય તે માટે દક્ષેશ્વર મંદિર રોડની ૧.૭ કિ.મી. રોડ સી.સી.રોડના નવા રૂટની કામગીરીની દરખાસ્ત સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી મુકેશ દલાલ `અગાઉનાં ટેન્ડરમાં રૂ.૧.૭૧ કરોડ વધારી એક વખત સ્થાયી સમિતિમાં સદર ટેન્ડરને મુલતવી રાખી બીજી વખત ટેન્ડર મંજુર કરવા પાછળની સ્પષ્ટ માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતીઅધિકારી આરડીડી તરફથી શહેર વિસ્તારના પેકેજ–૪ હેઠળનારસ્તા (૧) વરાછા મેઈનરોડ ફલાય ઓવર બ્રીજ કાપોદ્રા તરફના એપ્રોચથી નવી હદ સુધી (૨) રાંદેર રોડને રામનગર જંકશનથી સારોલી બ્રીજ એપ્રોચ સુધી (૩) બમરોલી મેઈનરોડને અલથાણ ખાડી બ્રીજથી પત્રકાર કોલોની સુધીનું કામ ઈજારદાર સદભાવે એન્જી. લી. અમદાવાદને કુલ રૂા. ૫૪,૩૭,૮૮,૦ ૪૧.૦૮ નું સ્થા.સ. ઠ. નં.૧૩૮૨/૨૦૦૮ તા.૨૫–૯–૦૮ થી મંજુર કરવામાં આવેલ તેમજ શહેર વિસ્તારમાં પેકેજ –૪ ના હયાત ટેન્ડરમાંથનાર બચત સામે ચેન્જ ઓફ સાઈટ તરીકે બમરોલી રોડ ઉપર પત્રકાર કોલોનીથી દક્ષેશ્વર સુધી સીસીરોડ બનાવવા તેમજ વરાછારોડ ઉપર બીઆરટીએસ ની પહોળાઈ પ્રમાણે સી.સી. રોડથી પહોળાઈ બનાવવા બંનેતરફ વેલકમગેઈટથી વાલક જકાતનાકા સુધી સી.સી. રોડ માટે નકકી થયેલ ૧૦.૭૫ મી. ની પહોળાઈમાં ૨.૨૫મી.ની પહોળાઈ વધારવા જરૂરી કામગીરી માટે સ્થા. સ. ઠ. નં.૨૧૫/૨૦૧૦ થી ટેન્ડરમાં ૧. ૭૧ કરોડનું વધારા સાથે મંજુર કરેલ.

મુદ્દા નં.(૨) સદર કામનું વર્ક આઉટ સોંપ્યા બાદ સદભાવના એન્જીનીયરીગની કામગીરી અત્યંત ધીમીહોવા છતાં અને શહેરના શહેરીજનોને અવરજવર કરવામાં તકલીફ પહોંચાડેલ હોવા છતાં સ્થા સ. ના અધ્યક્ષશ્રીએ અત્યંત કામગીરી વિલંબિત બદલ ઈજારદાર સામે શિક્ષાત્મક કોઈ પણ જાતની કાર્યવાહી ન કરવા તથા સદર મંજુર ટેન્ડરની શરત મુજબ દરરોજના ૨% અથવા ૧૦% પેનલ્ટી કરવાનીસત્તા ટેન્ડરની શરત મુજબ તા.૧૪–૪–૧૦ ના રોજ તમામ પેકેજ ચાર મુજબની સીસીરોડની કામગીરી પૂર્ણ કરવાની હોવા છતાં તા.૩૦–૬–૧૧ રોજ ઈજારદારે સદર કામગીરી પૂર્વે કરેલહોય એટલે કે ૧૪ માસ લેટ કામગીરી મોડી કરેલ હોવા છતાં દંડ ન લેવા પાછળનું સ્થા. સ. ના અધ્યક્ષ શ્રી મુકેશ દલાલ પાસેથી માહિતીની નકલ અને એસએમસીએ રૂા.૫.૫૦ કરોડમાં ખોટ ખવડાવવા પાછળ સ્થા.સ. ના અધ્યક્ષના ખુલાસાની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી આરડીડી તરફથી સદર બાબતે ઈજારદારને રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ તરફથી વર્ક ઓર્ડર તા. ૪–૧૦–૦૮ થી આપવામાં આવેલ. જેમાં ઈજારદાર સદભાવ એન્જી. લી. ની કામની સમય મર્યાદા ૧૫ માસ (ચોમાસા સિવાય) એટલેકે

તા. ૧૪–૪–૧૦ સુધીની હતી. સદર કામે પેકેજ–૪ અંતર્ગત સી.સી. રોડ બનાવવાની કામગીરી પેટે મુખ્યત્વે વરાછારોડ તેમજ રાંદેર રોડ ઉપર જંગલ ખાતા તરફથી હયાત નડતરરૂપ ઝાડો કાપવા માટે વિલંબથી મળેલ મંજુરી તેમજ વરાછારોડ ,રાંદેર રોડ તેમજ બમરોલી રોડ DGVCL કંપનીના નડતરરૂપ ટ્રાન્સફોર્મર તેમજ પોલ ખસેડવામાં કંપની તરફથી થયેલ વિલંબથે લીધે કામગીરી પૂર્ણ થવામાં વિલંબ થયેલ હતો. તેમજ કામમાં થનાર બચત સામે પત્રકારથી દક્ષેશ્વર સુધી તેમજ વરાછારોડ ઉપર BRTS પ્રોજેકટ મુજબ ૧૩.મી. ની પહોળાઈ માટે વેલકમગેઈટની વાલકનાકા સુધી હયાત ૧૦.૫૦ થી ૨.૨૫ મી. પહોળાઈ બંને તરફ વધારી ૧૩.૦ મી. ની. પહોળાઈમાં સી.સી. રોડ બનાવવાનું કામ સ્થા.સ.ઠ.ન. ૨૧૫/૨૦૧૦ તા. ૧૦–૨–૧૦ થી આપેલ ઉપરોકત કારણોને ધ્યાને લઈ ઈજારદારની સમય મર્યાદા તા. ૩૦–૬–૧૦ સુધી લંબાવી આપવામાં આવેલ છે. તેવું જણાવેલછે.

મુદ્દા નં.(૩) સી.સી.રોડપેકેજની કામગીરી ઈજારદાર સદભાવના એન્જીનયરીંગે ૧૪ માસ મોડી કરેલ હોય અને શહેરીજનોને તકલીફ અને ત્રાસ પહોંચાડેલ હોય અને ટેન્ડરની ધીબીપીએમસી નીજોગવાઈ મુજબ સ્થા.સ. ના અધ્યક્ષશ્રીએ ૧૦% લેખેરૂા.૫.૫૦ કરોડની શિક્ષાત્મક પેનલ્ટી બચાવવા માટે વાહીયાત કારણો રાંદેર રોડના વૃક્ષો કાપવાની મંજુરી મોડી મળી હોય તથા ઈજારદારને રોડ સ્થળ સોંપવા અંગે એસએમસીના અધિકારીઓએ વિલંબ કર્યા જેવા કારણો એસએમસીનો જ વહીવટ કરનારાએ સાથ સહકારથી રૂા.૫.૫૦ કરોડની પૂરેપૂરી રકમ ઈજારદારની બચાવવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી આરડીડી તરફથી સદર બાબતનો જવાબ મુદ્દા નં.૨ માં સમાવેશ થાય છે તેવું જણાવેલ છે.

મુદ્દાનં.(૪) એસએમસીના જ નિવૃત ઉચ્ચ અધિકારી અને યુનિર્વસીટી સુરત શહેરની અનેક સેવા સંસ્થા ઓ સાથે સંકળાયેલ વિદ્યવાન તજજ્ઞ પ્રોફેસર આર.ડી.દેસાઈએ જણાવ્યાનુસાર બીપીએમસી એકટ મુજબ સંસ્થા વ્યકિતને કોઈ પણ હેતુ માટે બજાર કિંમત કરતાં ઓછા ભાવે મગોબની૬૫૦૦ વાર હાઈટેક મનોરંજન પાર્ક અર્થે ૨૫૦ રૂા. કરોડની જમીન મફતના ભાવે ફાળવી દેવાની એસએમસીના કમિ.શ્રી ધ્વારા થયેલી વ્યવહારિક દરખાસ્ત ગેરકાયદેસરની હોય જેને દફતરે કરવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી સ્થા. સ. ના ઠરાવ નં.૪૯૭/૨૦૧૨ તા.૧૬–૩–૧૨ મુજબ સદર દરખાસ્ત દફતરે થયેલ છે તથા સ્થા. સ. એ રીટેન્ડરીંગ કરવાનું ઠરાવેલ છે.

મુદ્દાનં.(૫) ભુતકાળમાં આવા સ્થા. સ. ના ઠરાવ અડાજણની જમીન – સ્વામીનારાયણ મંદિર માટે અને કરીમાબાદનીજમીન ખોજા સમાજને ફાળવેલ જમીનો પરત લેવામાં આવેલ છે. ઈન્કારવામાં આવેલ છે તો પછી ખુદ એસએમસીના કમિ.શ્રી આવી ગેરકાયદેસરની દરખાસ્તની મંજુરી મેળવવા પાછળની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતીઅધિકારી હાઉસીંગ તરફથી કમિ.શ્રી તરફથી કોઈ ગેરકાયદેસર દરખાસ્ત રજૂ કરવામાં આવેલ નથી સદર કામે દરખાસ્ત રજૂ કરતાં પહેલા થયેલ કાર્યવાહી એટલે કે સૈધ્ધાંતિક મંજુરી તથા ટેન્ડર મંગાવતાં પહેલા સ્થા. સ.એ જુદા જુદા સમયે કરેલ અલગ અલગ ત્રણ ઠરાવની નકલ આપેલ છે. તેવું જણાવેલ છે.

મુદ્દાનં.(૬) શાસકભાજપે સમજવું જોઈએકે એસએમસી કે જેએકસ્વાયત સંસ્થા છે અને પ્રજાહિતથી ચાલ ે છે જેને લઈને બીપીએમસીએકટનીકલમ–૨૫૯ મુજબ સદર કમિ.શ્રી સદર દરખાસ્તનો કાયમી રદ કરવા રાજય સરકારને રીફર કરવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી સ્થા. સ. ના ઠરાવ નં. ૪૯૭/૨૦૧૨ તા.૧૬–૩–૧૨ મુજબ સદર દરખાસ્ત દફતરે થયેલ છે તથા સ્થા. સ. એ રીટેન્ડરીંગ કરવાનું ઠરાવેલ છે.

મુદ્દાનં.(૭) ધંધાદારી સદભાવના એન્જી.નો હેતુ નફાકારક હેતુ માટે જમીન આપતા પહેલાસદર પ્રોજેકટ નાકોસ્ટની ભાજપ શાસકોએ કે કમિ.શ્રીએ બેનીફીટ એનેલાઈઝ અર્થશાસ્ત્રીના નિયમ મુજબ કોઈ કવાયત સદર પ્રોજેકટ માટે કેટલો ખર્ચ અને કેટલો લાભ ઈજારદારને થાય કે એસએમસીને થાય તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી સદર કામે નિયુકત કરવામાં આવેલ કન્સલ્ટન્ટ તરફથી સદર પ્રોજેકટ માટે તૈયાર કરવામાં આવેલી ફીજીબીલીટી રીપોર્ટની ચકાસણી કર્યા બાદ તથા તેની સ્થા. સ. ને જાણ કર્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૮) ૬૫૦૦૦ વાર –૨૫૦ કરોડ રૂપિયાની જમીન ૧૩૦ કરોડના રૂપિયાના પ્રોજેકટ માટે ઈજારદાર એન્જી. ને ૪૫ વર્ષ માટે કમિ.શ્રી તો સોંપીને જતા રહેશે પરંતુ ૪૫ વર્ષ બાદ આજ વેલ્યુ કેટલી હશે? ઈજારદાર ૪૫ વર્ષબાદ સહેલાઈથી સદર જમીન એસએમસીને સોંપી દેશે? આજ સ્થા.સ. ના કેટલા સભ્યો હયાત હશે? આજે રીક્ષા ડ્રાઈવરના લાયસન્સ ૮ પાસ માંગેલછે અને આપણી એસએમસીના સ્થા.સ. આ અધ્યક્ષ ૮ પાસ માંગતાનથી સદર મગોબની જમીન સદભાવના એન્જી.ને સોંપતા પ્રોફેસરશ્રી અધ્યક્ષ આર.ડી.દેસાઈ જેવા વિદ્યવાન તજજ્ઞની સેવા

મેળવવાઅને એસએમસીના પ્રજાહિત અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી આ પ્રકારની કોઈ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે.મુદ્દાનં.(૯) એડી. સીટી ઈજનેર શ્રી કેતન પટેલ સાથે ચર્ચા કર્યા બાદ અન્ય એસએમસીના અધિકારીઓ સાથેપણસદર પ્રોજેકટની જમીન અંગેની ચર્ચા કરવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી આ પ્રકારની કોઈ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે.

મુદ્દાનં.(૧૦) તા.૨૧–૧–૧૨ નારોજ ટીએસીમાંમંજુરથયેલકોન્ટ્રાકટરની ૪૦ ફાઈલથી વધુ એ.ઓ.એસ ધ્વારા સેક્રેટરી વિભાગમાં પહોંચી ગયેલ હોય પરંતુ આ મગોબ હાઈટેક એમ્બ્યુઝમેન્ટ પાર્કની વ્યવહારિક ફાઈલ હજુ સુધી અટકાવી રાખવા પાછળની કમિ.શ્રીની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી ખાતાકીય કારણોસર સદર કામની દરખાસ્ત સ્થા. સ. માં મોકલાવવામાં વિલંબ થયેલ હતો. તેવું જણાવેલ છે.

મુદ્દાનં.(૧૧) હવે આવા હુ બાવો અને મંગળદાસ બાવા જેવા ભેગા મળી મગોબની સોનાની લગડી જેવી કિંમતી હાલની રૂા.૨૫૦ કરોડની જમીનરૂા. ૧૩૦ કરોડના હાઈટેક એમ્બ્યુઝમેન્ટ મનોરંજન પાર્ક માટે આવા સદ ભાવના એન્જી. ઈજારદારને૪૫ વર્ષ સુધી સોંપવી અને એ પણ હાલમાં જમીનનો ભાવ આસમાને પહોંચ્યા હોય તેવા સમયે જ આપણા સ્થા.સ.નાઅધ્યક્ષ હસ્તકે કે જેમની શૈક્ષણિક લાયકાત કરતાં ઘણી ઉચી હોય એવી જમીન સુરતના હીતમાં એસએમસીના સ્વાયત સંસ્થાનો હીતમાં ન હોવા અગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતીઅધિકારી હાઉસીંગ તરફથી સ્થા.સ. ના ઠ. નં.૪૯૭/૨૦૧૨ તા. ૧૬–૩–૧૨ મુજબ સદર દરખાસ્ત દફતરે થયેલ છે તથા સ્થા. સ. એ રીટેન્ડરીંગ કરવાન ઠરાવેલ છે. તેવું જણાવેલ છે.

મુદ્દાનં.(૧૨) ગુજરાત રાજય સરકારના જમીન મૂલ્યાંકન પધ્ધતિ અનુસારનવા જંત્રીના કાયદા મુજબ કોઈ પણ સંસ્થા કે વ્યકિતને જમીન સોંપતા પહેલા જંત્રીનો એક ટકો જમીન મહેસુલ સર્વીસ પ્રોસેસ ચાર્જ વર્તમાનજંત્રી કુલ જમીનના ક્ષેત્રફળની કિંમત મુજબ ભરેલ હોય તેની જ ફાઈલની કાર્યવાહી કરવામાં આવશે જેથી સદભાવના એન્જી. ઈજારદાર પાસે નવાજંત્રીના કાયદા મુજબ એક ટકો મહેસુલ જમીનનો સર્વીસ ચાર્જ મગોબની જમીન ૬૫૦૦૦વારનો ભરાવ્યા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી મહેસુલ જમીન ચાર્જ ટેન્ડર શરત મુજબ જે તે ઈજારદારને કોન્ટ્રાકટ સોંપ્યા બાદની કાર્યવાહી છે જેથી આ બાબતની કોઈ માહિતી ફાઈલ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે.

જે અંગે અરજદારે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(આર.ડી.ડી.)ના પત્ર નં. આર.ડી.ડી/આઉટ નં./૮૦૧ તા. ૨૪–૨–૧૨થી મુદ્દા નં. ૧થી ૩ની માહિતી અસ્પષ્ટ, સંધિગ્ધ, પુરાવા વગરની પાઠવેલ અને મુદ્દા નં.૪થી ૧૨ની માહિતી પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૯–૩–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે . વધુમાં અરજદારને અત્રેથી **નં.આરટીઆઈ સેલ/૨૦૨૬ તા.૧૭–૩–૧૨ થી** આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે)ની જોગવાઈ મુજબ દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની રહેતી હોઈ, તેમણે દફતરી તપાસણીનો પ્રયત્ન, માંગણી કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને અરજદારે અત્રે પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે આરટીઆઈએકટની કલમ–૨(એફ) અને ૨(જે) ની જોગવાઈ મુજબ દફતરી ઉપલબ્ધ માહિતી અંગેનો ચાન્સ આપશ્રીનીએન્જી. ના ઈજારદારનો કોન્ટ્રાકટ સી.સી. રોડની માહિતીની નકલ પ્રત્યુત્તર સહિત અમો અરજદારને પાઠવેલહોય જેને જ અમો અરજદારે પડકારેલ હોય પ્રથમ અપીલ અરજી તરીકે જેથી સદર પ્રથમ અપીલ અરજીની સુનાવણીની તારીખ ગોઠવણી કરવા અંગેની રજૂઆત કરેલ છે. જે અપીલ અરજી અત્રેથી પત્ર નં.આરટીઆઈસેલ/૧૯૯૯ તા.૧૫–૩–૧૨ થી અપીલ અધિકારી અને ઈ.ચા. સેક્રેટરીને અંશતઃ તબદીલ કરવામાં આવેલ.જે અંગે સેક્રેટરી વિભાગ તરફથી પત્ર નં.આરટીઆઈ/અપીલ/ સેક્રેટરી/જાવક ન.૨૫/૨૦૨ તા.૨૭–૩–૧૨ થી અરજદારની અપીલ અરજીના મુદ્દાનં.૧,૨,૪ અને ૧૧ બાબતે વિગતવાર હુકમ કરવામાં આવેલ છે. જે અંગે અત્રેથી કોઈ હુકમ કરવાનો રહેતો નથી બાકીના મુદ્દા અંગે સેક્રેટરી વિભાગ તરફથી નં.આરટીઆઈ/અપીલ/સેક્રેટરી/જાવક ન.૨૬/૯૦ તા.૨૭–૩–૧૨ થી કાર્યપાલક ઈજનેરઅને જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીકને તબદીલ કરવામાં આવેલ.

અરજદારે વૃક્ષો કાપવાની અરજી કયારે આપી? તેમજ નડતરરૂપ ઝાડો કાપવા માટે વિલંબથી મંજુરીની તારીખ તથા ડીજીવીસીએલને સીટી ઈજનેરે અરજી કયારે આપી વીજળી અંગેના નડતર રૂપ ટ્રાન્સફોર્મર તેમજ પોલ બાબતે મળેલ તેની તારીખ જણાવેલ નથી અપીલ ના મુદ્દાનં.૨ માં સ્થા..સ.ઠ નં.૨૧૫/૨૦૧૦ ના ટેન્ડરના ઠરાવની માહિતીની નકલ બીડાણ કરેલ નથી તેવો પ્રશ્ન મુળ અરજીથી અલાયદો અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જે અંગે અરજદાર આરટીઆઈએકટના નિયમ અને જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવાની રહે. અરજદારે અપીલમાં મુદ્દા નં.૪ થી ૧૨ ની માહિતી કે પ્રત્યુત્તર મળેલનથી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કાર્યપાલક ઈજનેર હાઉસીંગ તરફથી પત્ર નં.હાઉસીંગ/આ.નં.૯૩૯ તા. ૨૩–૩–૧૨ ના પત્રથી તેઓના મુદ્દા નં.૧

થી ૯ માં જે માહિતી પૂરી પાડવામાં આવેલ છે જે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં અરજદારની અરજીના મુદ્દા નં.૪ થી ૧૨ ની માહિતી પૂરી પાડયાનું જણાવેલછે. આમ અરજદારને મુદ્દા નં.૪ થી ૧૨ ની માહિતી નિયતસમય અવધિ બાદ અરજદારને પૂરી પાડવામાં આવેલછે.

અરજદારની પ્રથમ અપીલ તા.૦૯–૩–૧૨ ધ્યાને લેતાં ૦૭–૦૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૨–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૭–૨–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલમાં મુળ અરજીથી અલાયદો અપીલ તબકકે ઉપસ્થિત પૂરક પ્રશ્નો અંગે અરજદાર આરટીઆઈએકટના નિયમ અને જોગવાઈ અનુસાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(સી.વાય.ભટ્ટ)
ડે.કમિશ્નર )
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,

(૧) સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (આરડીડી), ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીપી) , ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ) ...જાણ તથા અમલ માટે .

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈબથવાર,